મહાકવિ મહાસેન પ્રણીત "प्रद्युम्नचरितम्"- એક સમીક્ષાત્મક અધ્યયન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના
સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. ની પદવી માટે રજૂ થનાર
મહા શોધનિબંધની રૂપરેખા- **SYNOPSIS**

: પ્રસ્તુતકર્તા :

ધર્મિષ્ઠાબેન બી. ખરચીયા
(રજીસ્ટ્રેશન નં ૨૫૫૪ તાઃ-૨૩/૦૨/૨૦૧૨)

આચાર્યશ્રી,
ડૉ. જી. એમ. બુટાણી
શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ,
વલસાડ.

માર્ગદર્શક,
ડૉ. શોભનાબેન એન. સોલંકી
સંસ્કૃત વિભાગ
શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ,
વલસાડ.

સપ્ટેમ્બર- ૨૦૧૪

મહાકવિ મહાસેન પ્રણીત "प्रद्युम्नचरितम्" - એક સમીક્ષાત્મક અધ્યયન

પ્રેરણાસ્ત્રોતઃ-

સાહિત્યના સ્વરૂપો ચંપૂકાવ્યો, નાટકો, મહાકાવ્યોનું મારા દ્વારા વાંચન કરવામાં આવ્યું તેમાં પણ મને મહાકાવ્યમાં રસ હતો અને મારા માર્ગદર્શકશ્રીના સૂચનથી प्रद्युम्नचरितम् નું વાંચન કર્યુ અને મને તેમાં રસ પડયો તેથી મેં આ વિષય પસંદ કર્યો.

મને અલંકારશાસ્ત્ર પ્રત્યે સ્નાતકકક્ષાએથી જ રુચિ હોવાથી અનુસ્નાતકની પદવી મુખ્ય વિષય તરીકે અલંકારશાસ્ત્રમાં મેળવી તેમજ પીએચ.ડીનાં વિષય પસંદગીમાં પણ અલંકારશાસ્ત્ર સંબંધી વિષય પર પસંદગી ઢોળી. વિષય પસંદગીની અનેક મુંઝવણોને અંતે સદાચરણ પર આધારિત કવિ મહાસેનના प्रद्युम्नचरितम् નામના મહાકાવ્યે મને જકડી રાખી. મારો પ્રયાસ પણ પ્રાચીન કૃતિનો સમીક્ષાત્મક અભ્યાસ કરવાનો હતો. આમ, પીએચ.ડી. માટેના મહા શોધનિબંધના લેખન કાર્ય નિમિત્તે મારા પરમ આદરણીય માર્ગદર્શક ડૉ. શોભનાબેન સોલંકી સાથે ચર્ચા વિચારણને અંતે તેમણે મને સૂચન કર્યુ કે प्रद्युम्नचरितम् - મહાકાવ્યનો સમીક્ષાત્મક અભ્યાસ થઇ શકે તેમ છે અને મને પણ તેમાં રસ હતો તેથી પીએચ.ડી ઉપાધિ માટેના મહા શોધનિબંધના વિષયની પસંદગી થઇ જેનું શીર્ષક આ પ્રમાણે છે "મહાકવિ મહાસેન પ્રણીત प्रद्युम्नचरितम् - એક સમીક્ષાત્મક અધ્યયન."

હેતુ :-

૧. સમયનાં વહેણ સાથે ધુમાચ્છાદિત થઇ ગયેલા પ્રદ્યુમ્નના પાત્રને પ્રકાશિત કરવું.

૨. प्रद्युम्नचरितम् મહાકાવ્યનો અભ્યાસ કરી તેના તારણો અને નિષ્કર્ષ પર પહોચવું.

સંશોધનના ઉદ્દેશો :-

સંસ્કૃતમાં કહેવત છે કે 'प्रयोजनमनुदिश्य मन्दोऽपि न प्रवर्तते' " પ્રયોજન વિના મંદ બુદ્ધિવાળો માનવી પણ ગતિ કરી શકતો નથી". સંસ્કૃત સાહિત્યમાં प्रद्युम्नचरितम् અત્યંત ઉત્કૃષ્ટકક્ષાની સદાચરણ તથા માતૃત્વભાવનાથી યુકત કૃતિ હોવાને કારણે મારા રસ અને આકર્ષણનું કારણ બન્યું છે. આ રીતે મારા સંશોધનનો હેતુ સત્ય પામવાનો છે. પ્રસ્તુત મહા શોધનિબંધના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે.

૧. પ્રાચીન મહાકવિ મહાસેનના સ્થાન અને મહત્વ વિશે અભ્યાસ કરવો.

૨. કવિશ્રી મહાસેનના જીવન-સમય-કવનનો અભ્યાસ કરવો.

૩. કાવ્યની ઉત્પતિ, વ્યાખ્યા અને વિકાસયાત્રાનો અભ્યાસ કરવો.

૪. प्रद्युम्नचरितम्નો સાહિત્યના કયા સ્વરૂપમાં સમાવેશ થાય છે તેનો અભ્યાસ કરવો.

૫. મહાકાવ્યની વ્યાખ્યા તથા લક્ષણોનો અભ્યાસ કરવો.

૬. મહાકાવ્યનાં લક્ષણો प्रद्युम्नचरितम्ને કેટલે અંશે લાગુ પડે છે તેનો અભ્યાસ કરવો.

૭. નાયકના લક્ષણો તથા શીર્ષકની યથાર્થતાનો અભ્યાસ કરવો.

૮. प्रद्युम्नचरितम्ના આધારસ્થાન હરિવંશપુરાણનો અભ્યાસ કરવો.

૯. હરિવંશપુરાણ તથા વિષ્ણુપુરાણમાં દૃષ્ટિગોચર થતી પ્રદ્યુમ્નની કથાના ફેરફારોનો અભ્યાસ કરવો.

૧૦. 'प्रद्युम्नचरितम्' મહાકાવ્યનું સાહિત્યિક વિશ્લેષણ જેમાં છંદ, અલંકાર, પ્રકૃતિ, રસ, શૈલી, ભાષા, વર્ણનપ્રસંગ પાત્ર, સ્વરૂપ વગેરેની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવું.

૧૧. 'प्रद्युम्नचरितम्' મહાકાવ્યની તત્કાલીન રાજકીય, સામાજીક, ધાર્મિક અને આર્થિક સ્થિતિઓનો અભ્યાસ કરવો.

૧૨. 'प्रद्युम्नचरितम्' મહાકાવ્યમાં વર્ણવાયેલ અવાન્તરકથાઓનો અભ્યાસ કરવો.

૧૩. પ્રદ્યુમ્નના વીરતાભર્યા કાર્યોનો અભ્યાસ કરવો.

૧૪. ‘प्रद्युम्नचरितम्’ માં વર્ણિત જૈનદર્શનનો અભ્યાસ કરવો.

૧૫. ‘प्रद्युम्नचरितम्’ ના સંદેશ અને તારણોનો અભ્યાસ કરવો.

૧૬. પ્રદ્યુમ્નના મોક્ષમાર્ગનો અભ્યાસ કરવો.

યોગદાન :-

વિશાળ અને સમૃદ્ધ સંસ્કૃત સાહિત્યમાં મેં મહાકાવ્યનું અધ્યયન કર્યું. મહાકાવ્યમાં પ્રણય, યુદ્ધ, રાજનીતિ એવા ભિન્ન ભિન્ન વિષયોનું નિરૂપણ જોવા મળે છે. મહાકાવ્ય સંસ્કૃત સાહિત્યના અન્ય પ્રચલિત સ્વરૂપોમાં ખેડાયેલું સાહિત્ય સ્વરૂપ રહ્યુ છે. તેમાં મહદંશે પ્રણય તથા યુદ્ધનુ નિરૂપણ જોવા મળે છે. મહાકાવ્યના સ્વરૂપમાં રચાયેલ આ કૃતિ ‘प्रद्युम्नचरितम्’ જેમાં સદાચરણ, ભાઇચારાને ધ્યાનમાં રાખી રજૂ કરવામાં આવેલા આ મહાશોધનિબંધનું સાહિત્યક્ષેત્રમાં ચોકકસ મહત્વપૂર્ણ યોગદાન રહેશે અને તેને યોગ્ય રીતે સાહિત્યિક સ્વરૂપના લક્ષણોને ધ્યાનમાં લઇ રજૂ કરવાનો મારો આ નમ્ર પ્રયાસ છે.

વિષયપસંદગી અને મૌલિકતા :-

સંસ્કૃત જેમ ભાષાઓની જનની છે તેમ સંસ્કૃત ભાષામાં રચાયેલા સાહિત્યો બીજી ભાષાના સાહિત્ય માટે પણ પથદર્શક રહ્યા છે. સંસ્કૃત દેવભાષા છે. તેણે આપણને વૈવિધ્યતા અને મૂલ્યોનો વારસો આપ્યો છે. સંસ્કૃતિની બાબતમાં ભારત સર્વોચ્ચ સ્થાને બિરાજમાન છે તેનું હાર્દરૂપ કારણ સંસ્કૃત ભાષા જ છે. સંસ્કૃત સાહિત્ય વેદો, પુરાણો, મહાકાવ્યો નાટકો વગેરેથી ભર્યુંભર્યું છે. પૃથ્વીની ઉત્પતિથી લઇ પ્રણય સુધી ધર્મ, અર્થ, કામ અને માક્ષમાના કોઇપણ પુરુષાર્થની પ્રાપ્તિની, આર્યોની પ્રાચીન રીતિ, રૂઢિ તથા પરંપરાના જ્ઞાનની પ્રાપ્તિ ભાષા દ્વારા થઇ શકે છે. ટૂંકમાં, લૌકિક ઉન્નતિ અને પરલૌકિક નિઃશ્રેયસની સિદ્ધિ કરાવનાર જેટલા જ્ઞાન અને વિજ્ઞાનના સાધનો, શાસ્ત્રો તથા ગ્રંથો ભિન્ન ભિન્ન ભાષામાં લખાયેલ છે તે બધાનું જ્ઞાન જો એક ભાષાના જ્ઞાનથી પ્રાપ્ત કરવું હોય તો તે સંસ્કૃત ભાષા દ્વારા થઇ શકે છે. વર્તમાન સમયમાં પણ સંસ્કૃત ભાષામાં અનેક

સાહિત્યકૃતિઓનું સર્જન થતુ રહ્યુ છે. આજે પણ એવો સમાજ ઉપલબ્ધ છે જયાં સંસ્કૃત ભાષા વ્યવહારની ભાષા તરીકે સ્વીકૃતિ પામી છે. સંસ્કૃત સાહિત્ય સર્જકો વિવિધતા, અનેકતા, મૂલ્યો અપનાવીને પણ સંસ્કૃત ભાષાને જીવંત રાખવા સતત પ્રયત્નશીલ છે. આ રીતે સાંપ્રત સંસ્કૃત સાહિત્ય અનેક નવા કલેવર ધારણ કરી રહ્યુ છે.

સંસ્કૃત સાહિત્ય જગતમાં સદાચરણ, ભાઇચારાને લગતા વિચારો પ્રસ્તુત થયા છે. બધુ સુંદરતાનું જ સર્જન કરવું એ જ વિચાર સંસ્કૃત કવિઓએ રાખ્યો નથી. જનસમાજની જે સ્થિતિ હોય તે સ્થિતિ તેવી ને તેવી જ રજૂ પણ કરી છે. સંસ્કૃતના આ મૂર્ધન્ય કવિઓમાં મહાસેનનું સ્થાન બેનમૂન છે. વીરોચિત ભાવના આલેખતુ મહાસેનનું प्रद्युम्नचरितम् અજોડ મહાકાવ્ય છે. તેણે મહાકાવ્યની શ્રેણીમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પુરાણો સદીઓથી આપણા માટે પથદર્શક રહ્યા છે. હરિવંશપુરાણના મૂળ ધરાતલ પર प्रद्युम्नचरितम् મહાકાવ્યનું શિલ્પ રચાયું છે. કવિ મહાસેને જિનસેનના હરિવંશપુરાણમાં આવતા પ્રદ્યુમ્નહરણના પ્રસંગમાંથી પ્રદ્યુમ્નના પાત્રને લઇ, તેને ઉઘાડ આપી આખેઆખી નવી કૃતિનું સર્જન કર્યું અને આપણને અજોડ મહાકાવ્ય પ્રાપ્ત થયું છે.

કવિ મહાસેને સંસ્કૃત મહાકાવ્યના લક્ષણોને ધ્યાનમાં રાખી તેમાં સર્ગો, પાત્રો, વર્ણન, છંદ વગેરેને પદ્ધતિસર રજૂ કર્યા છે અને प्रद्युम्नचरितम् મહાકાવ્યમાં તે ખૂબીઓ આપણે જોઇ શકીએ છીએ. અતઃ તે ખૂબ સફળ નીવડયુ છે.

સંશોધન પદ્ધતિ :-

प्रद्युम्नचरितम् કૃતિનો અભ્યાસ સમીક્ષાત્મક પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યો છે. प्रद्युम्नचरितम् મહાકાવ્યમાં પ્રદ્યુમ્નના પાત્ર પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી પ્રદ્યુમ્નના પાત્રને વધુ ઉઠાવ મળે તે દૃષ્ટિથી આ કૃતિનો સમીક્ષાત્મક અભ્યાસ કર્યો છે.

પ્રકરણ સંક્ષિપ્તિ :-

મારા આ મહાશોધનિબંધને નીચે પ્રમાણેના છ પ્રકરણોમાં વિભાજીત કરી પ્રસ્તાવિત કરવાનો મેં વિચાર કર્યો છે. જેનો ટૂંકસાર આ પ્રમાણે છે.

પ્રકરણ-૧

કાવ્યની ઉત્પત્તિ અને વ્યાખ્યા

૧.૧ પ્રસ્તાવના

૧.૨ કાવ્યની ઉત્પત્તિ

૧.૩ કાવ્યની વ્યાખ્યા

૧.૪ કાવ્યની વિકાસયાત્રા

૧.૫ કાવ્યના પ્રકારો

પ્રથમ પ્રકરણમાં રામાયણના બાલકાંડમાં ક્રૌંચયુગલનો આર્તનાદ જોઇ વાલ્મિકીના મુખેથી નીકળેલ આદિશ્લોક દ્વારા કાવ્યોત્પતિ થઇ તે બાબત દર્શાવી કાવ્યની વ્યાખ્યા ભારતીય અને પાશ્વાત્ય વિદ્વાનો જેવા કે આનંદવર્ધન, રુદ્રટ, મમ્મટ, જગન્નાથ, દંડી, વામન, વિશ્વનાથ, કુન્તક, ભામહ, મૈથ્યુ આર્નોલ્ડ, ઇલિયટ, અરસ્તુના મતાનુસાર દર્શાવી છે. તદુપરાંત કાવ્યની વિકાસયાત્રામાં ઋગ્વેદના સૂકતો, બ્રાહ્મણગ્રંથો, રામાયણ, મહાભારત, ઉપનિષદ, વ્યાકરણ સાહિત્ય, મહાકાવ્યો, કથાસાહિત્ય, ઊર્મિકાવ્ય, સ્તોત્રકાવ્ય, ગદ્યસાહિત્ય, શિલાલેખસાહિત્ય, નાટક વગેરેએ મહત્વનો ભાગ ભજવ્યો છે. આ સ્વરૂપોમાં કાવ્ય સતત લખાતું રહ્યું અને કાવ્યની વિકાસયાત્રા પ્રવાહિત રહી છે તે બાબત દર્શાવી છે. ત્યારબાદ કાવ્યપ્રકારોમાં કાવ્યનું વિભાજન દૃશ્ય અને શ્રાવ્ય કાવ્ય દ્વારા દર્શાવી દૃશ્યકાવ્ય ના બે પ્રકારો રૂપકો અને ઉપરૂપકોની છણાવટ કરી શ્રાવ્યકાવ્યના ગદ્ય, પદ્ય, મિશ્ર એવા પ્રકાર પાડી પદ્ય દ્વારા મહાકાવ્ય કેવી રીતે ઉતરી આવ્યુ છે તે બાબત દર્શાવી છે.

પ્રકરણ-૨

કવિનું જીવન, સમય અને કવન

૨.૧ કવિનું જીવન

૨.૨ કવિનો સમય

૨.૩ કવિનું કવન

બીજા પ્રકરણમાં કવિ મહાસેનનો પરિચય આપ્યો છે. કવિ દક્ષિણના નિવાસી હતા તે બાબત ચર્ચી તેઓ કર્ણાટકના પુન્નાટસંઘના આચાર્ય હતા તે દર્શાવ્યુ છે. તેમના અધિષ્ઠાતા દેવ નેમિનાથ છે તે વર્ણવ્યુ છે. તદુપરાંત તેમના ગ્રંથમા તેમનું પ્રતિબિંબ પડે છે. તેના પરથી તેમના વ્યકિતત્વનું દર્શન થાય છે. તેમને જૈન, બૌદ્ધ, હિન્દુગ્રન્થો, રાજનીતિ, વેદવેદાંગ, જયોતિષશાસ્ત્ર, શસ્ત્રવિદ્યા, વિવિધ વાદ્યકલા, ચિત્રકલા, ઇન્દ્રજાળ વગેરેનું જ્ઞાન હતુ. તેઓ ઇતિહાસ અને પૌરાણિક ગ્રંથોના પણ જ્ઞાતા હતા. કવિ વિવિધ પ્રદેશોમાં વિહાર કરતા હોવાથી અન્ય રાજયોનો પણ તેમને ખ્યાલ છે તે બાબત વર્ણવી તેમની માન્યતાઓની ચર્ચા કરી છે. મુંજરાજાના મંત્રી પર્પટ દ્વારા કવિનું સન્માન થાય છે. મુંજરાજા દસમી સદીમા થઇ ગયા તેથી કવિનો સમય દસમી સદીનો ઉતરાર્ધ છે તે બાબત વર્ણવી છે. કવિની એક માત્ર કૃતિ પ્રદ્યુમ્નચરિત છે. કવિની આ કૃતિ ચૌદ સર્ગની છે. તે કૃષ્ણ તથા રુકિમણીપુત્ર પ્રદ્યુમ્નની વીરગાથા પર આધારિત છે. તેનું અહીં નિરૂપણ કર્યું છે.

પ્રકરણ-૩

‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યનો સર્ગવાર વિસ્તૃત પરિચય અને શીર્ષકની યથાર્થતા

૩.૧ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યનું આધારસ્થાન.

૩.૨ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યનો સર્ગવાર વિસ્તૃત પરિચય.

૩.૩ નાયકના લક્ષણો અને શીર્ષકની યથાર્થતા.

પ્રકરણ ત્રણમાં 'प्रद्युम्नचरितम्'નું આધારસ્થાન, નાયકના લક્ષણો અને શીર્ષકની યથાર્થતા તથા પ્રદ્યુમ્નચરિતનો સર્ગવાર વિસ્તૃત પરિચય દર્શાવ્યો છે. અહીં પ્રદ્યુમ્નચરિતના આધારસ્થાન કવિ જીનસેનના હરિવંશપુરાણનો વિસ્તૃત પરિચય દર્શાવાયો છે. તદ્દુપરાંત ગુણભદ્રના ઉત્તરપુરાણ, વિષ્ણુપુરાણ, શ્રીમદ્ભગવદપુરાણમાં આવતી પ્રદ્યુમ્નની વિવિધ કથાનું નિર્દેશન કર્યું છે.

પ્રદ્યુમ્નચરિત ચૌદ સર્ગનુ મહાકાવ્ય છે. તેમાં પ્રથમ સર્ગમા દ્વારકા વર્ણન તથા સત્યભામાનું સૌંદર્યવર્ણન દર્શાવ્યું છે. દ્વિતિય સર્ગમા નારદમુનિનુ દ્વારકા આગમન તથા સત્યભામા દ્વારા તેમનો અનાદર, નારદજીનું કૃષ્ણના વિવાહ માટે સત્યભામા કરતા વધુ સુંદર કન્યારત્નની શોધ, કુંડિનપુરમા રુકિમણિનુ દર્શન, નારદ દ્વારા રુકિમણિને કૃષ્ણપત્ની થવાના આશીર્વાદ તથા રુકિમણિ દ્વારા કૃષ્ણને સંદેશ, કૃષ્ણનું કુંડિનપુર ગમન વગેરે પ્રસંગો દર્શાવ્યા થાય છે. તૃતીય સર્ગમાં કૃષ્ણ દ્વારા રુકિમણિહરણ, સત્યભામાનું રુકિમણિને વનદેવી સમજી પૂજા કરવું તથા દુર્યોધનના દૂતનું દ્વારકા આગમન જોવા મળે છે. સર્ગ ચારમાં સત્યભામા અને રુકિમણિની શરત, પ્રદ્યુમ્ન જન્મ, ધૂમકેતુ રાક્ષસ દ્વારા પ્રદ્યુમ્નહરણ, વિદ્યાધરરાજ કાલસંવરને પ્રદ્યુમ્નની પ્રાપ્તિ વગેરે જોવા મળે છે. સર્ગ પાંચમાં રુકિમણી વિલાપ તથા પ્રદ્યુમ્નનો ઉછેર કાલસંવર રાજાને ત્યાં થઇ રહ્યો છે એવી નારદ દ્વારા રુકિમણીને માહિતી તથા પ્રદ્યુમ્નના પૂર્વજન્મોની અવાંતર કથાઓ જોવા મળે છે. જેમાં અગ્નિભૂતિ તથા વાયુભૂતિની કથા દર્શાવી છે. સર્ગ છ માં સોમદત્ત અને અગ્નિલા બ્રાહ્મણીની કથાનું નિરૂપણ કર્યુ છે. સર્ગ સાતમાં મધુ કૈટભની કથા તથા મધુ દ્વારા ચંદ્રપ્રભાને છીનવી લેવું તે બાબત ચર્ચી છે. સર્ગ આઠમાં પ્રદ્યુમ્નને પ્રાપ્ત થયેલ વિવિધ લાભો, ઉછેર કરનારી માતા કાંચનમાલા દ્વારા પ્રદ્યુમ્ન પર કુદષ્ટિ, પ્રદ્યુમ્ન-કાલસંવર રાજાનુ યુદ્ધ વગેરે જોવા મળે છે. સર્ગ નવમાં ઉદધિહરણ તથા પ્રદ્યુમ્ને દ્વારકા આવી કરેલ પરાક્રમો વર્ણિત છે. સર્ગ દસમાં કૃષ્ણ-પ્રદ્યુમ્ન યુદ્ધ, સર્ગ અગિયારમાં શમ્બના પરાક્રમો, સર્ગ બારમાં નેમિનાથનો ઉપદેશ તથા કૃષ્ણમૃત્યુની ભવિષ્યવાણી, સર્ગ તેરમાં પ્રદ્યુમ્નની દીક્ષા તથા તેના વૈરાગ્યનું દશ્ય આવે છે. સર્ગ ચૌદમાં પ્રદ્યુમ્ન જૈનમાર્ગનો આશ્રય લઇ તપ કરી મોક્ષપ્રાપ્તિ કરે છે તેનું વર્ણન કરવામાં આવ્યુ છે.

ત્યારબાદ વિશ્વનાથ, ધનંજય જેવા સાહિત્યાચાર્યોએ દર્શાવેલા નાયકોના લક્ષણો આપી પ્રદ્યુમ્નને એ લક્ષણો ક્યાં અનુસરે છે તે દર્શાવ્યુ છે. તદુપરાંત શીર્ષક આપવાની રીતાનુસાર પ્રદ્યુમ્નચરિતનું શીર્ષક નાયકના નામને આધારે આપવામાં આવ્યું છે તે બાબત ચર્ચવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે.

પ્રકરણ – ૪

‘प्रद्युम्नचरितम्’નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન

૪.૧ પ્રસ્તાવના.

૪.૨ મહાકાવ્યની વ્યાખ્યા.

૪.૩ મહાકાવ્યના લક્ષણો.

૪.૪ ‘प्रद्युम्नचरितम्’ નું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન.

પ્રકરણ ચારમાં મહાકાવ્યની વ્યાખ્યા, લક્ષણો તથા પ્રદ્યુમ્નચરિતનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન દર્શાવ્યુ છે. સંસ્કૃત સાહિત્યાચાર્યો જેવા કે દંડી, વિશ્વનાથ, ભામહ, રુદ્રટે આપેલ તથા કૃતિ અગ્નિપુરાણમાં દર્શાવેલ મહાકાવ્યના લક્ષણો દર્શાવ્યા છે. પ્રદ્યુમ્નચરિતનું મહાકાવ્ય તરીકે મૂલ્યાંકન તેના લક્ષણો જેવા કે આરંભ, સર્ગબદ્ધતા, કથાવસ્તુ, નાટક, શીર્ષક, રસ, વર્ણનો, અલંકારો, છંદ, સંધિ, પુરુષાર્થની દૃષ્ટિએ કરવામાં આવ્યુ છે. આ મહાકાવ્યનો આરંભ નમસ્કાર દ્વારા થાય છે. કાવ્યમાં સર્ગો ચૌદ છે. કથાવસ્તુ પૌરાણિક, નાયક કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન ક્ષત્રિય, શીર્ષક નાયકના નામના આધારે, મુખ્ય રસ શાંત છે. તદુપરાંત દ્વીપ, ચંદ્રોદય, વન, સમુદ્ર, સુર્યોદય, સંભોગશૃંગાર વગેરેના વર્ણનો તથા ઉપમા, સસન્દેહ, અતિશયોક્તિ જેવા અલંકારો, અનુષ્ટુપ, માલિની, વસંતતિલકા જેવા છંદો તથા મોક્ષ નામના પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે તે બાબત દર્શાવી છે. ત્યારબાદ પાંચ સંધિનું નિરૂપણ દર્શાવી પ્રદ્યુમ્નચરિતનો મહાકાવ્યમાં યથાર્થ રીતે સમાવેશ થાય છે તે બાબતનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

પ્રકરણ-૫

‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યનું સાહિત્યિક મૂલ્યાંકન.

૫.૧ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં રસવૈવિધ્ય.

૫.૨ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં અલંકારનિરૂપણ.

૫.૩ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં શૈલી.

૫.૪ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં છંદનિરૂપણ.

૫.૫ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં પ્રકૃતિવર્ણન.

૫.૬ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં પ્રસંગવર્ણન.

૫.૭ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં પાત્રાલેખન.

૫.૮ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં તત્કાલિન સ્થિતિ.

૫.૯ ‘प्रद्युम्नचरितम्’ મહાકાવ્યમાં જૈનદર્શન.

પાંચમાં પ્રકરણમાં પ્રદ્યુમ્નચરિત મહાકાવ્યનું મૂલ્યાંકન રસ, અલંકાર, શૈલી, છંદ, પ્રકૃતિ, પ્રસંગ, પાત્ર, તત્કાલિન સ્થિતિ તથા જૈનદર્શન આધારિત કરવામાં આવ્યું છે.

પ્રદ્યુમ્નચરિતનો મુખ્ય રસ શાંત છે. તેમાં ગૌણ રસો તરીકે કરુણ, વીર, ભયાનક, અદ્ભુત, હાસ્યનો પ્રયોગ થયેલ છે. પ્રદ્યુમ્નહરણ સમયે રુકિમણીના વિલાપમાં કરુણ, પ્રદ્યુમ્નકૃષ્ણ વચ્ચેના યુધ્ધમાં વીર, કૃષ્ણ વાયવાસ્ત્રનો પ્રયોગ કરે છે ત્યારે ભયાનક, પ્રદ્યુમ્ન દ્વારકા જઇ રૂપ બદલી વિવિધ લીલાઓ કરે છે ત્યારે અદ્ભુત, ધુમકેતુ પ્રદ્યુમ્નને ઉઠાવી મારી નાખવાનો પ્રયાસ કરે છે ત્યાં રૌદ્ર, રુકિમણીને દેવી સમજી સત્યભામા તેની પૂજા કરતા હાસ્ય રસ નિષ્પન્ન થાય છે.

મહાકાવ્ય અલંકારોથી ભર્યુભર્યુ છે. તેમા સસન્દેહ, ઉત્પ્રેક્ષા, રૂપક, ભ્રાન્તિમાન, અસંગતિ, વિભાવના, વિષમ, શ્લેષ, ઉપમા દષ્ટિગોચર થાય છે. શૈલી એટલે શબ્દોમાં ઝીલાતુ કવિના આંતરિક વ્યકિતત્વનું પ્રતિબિંબ. કોઇપણ કૃતિને સાહિત્યકૃતિ બનાવનાર તત્વોમાં એક અગત્યનું

તત્વ શૈલી છે. પ્રદ્યુમ્નચરિત મહાકાવ્યની શૈલી વૈદર્ભી છે. કવિની શૈલીનું પ્રધાન લક્ષણ સરળતા છે. કયાંય કિલષ્ટ શબ્દોનો પ્રયોગ થયો નથી. તેમા પ્રસાદ, સમતા, માધુર્ય જેવા ગુણોનો પ્રયોગ થયો છે. કવિ મહાસેને છંદોમા વૈવિધ્ય આણ્યું છે. પ્રદ્યુમ્નચરિતમાં રથોદ્ધતા, સ્વાગતા, પ્રમિતાક્ષરા, વૈશ્વદેવી, ભદ્રવિરાટ, મત્તમયૂર, દોધક, વિદ્યુન્માલા, ભુજંગપ્રયાત, નર્કુટક, દ્રુતવિલંબિત, અનુષ્ટુપ, મન્દાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, સ્ત્રગ્ધરા, ઉપેન્દ્રવજ્રા, માલિની, શાલિની, ઉપજાતિ, વસંતતિલકા, પૃથ્વી, પ્રહર્ષિણી, વંશસ્થ, ઇન્દ્રવજ્રા જેવા છંદો સાથે ઉચ્ચ વિચારોની અભિવ્યકિત કવિની વિદ્વતાનો પરિચય કરાવે છે. કવિએ પોતાની અસાધારણ દૃષ્ટિ વડે જગતના પદાર્થો અને પ્રકૃતિઓમાં છુપાયેલા સૌંદર્યને નીરખી લીધુ છે. કાવ્યમાં પ્રકૃતિ વણાઇ ગઇ છે. પ્રકૃતિના વિવિધ વિષયો કાવ્યના સનાતન વિષયો બન્યા છે. વસંત, ચંદ્ર, વર્ષા, કમળ, હરણ, ચમેલી, ચક્રવાકી, ભ્રમર ,હાથી અશોક, કેતકીના વર્ણન દ્વારા સુંદર પ્રકૃતિચિત્રણ ઉપસ્થિત થયું છે. મહાકાવ્યમાં આવતા પ્રસંગોની હારમાળા સહૃદયી વાચકના ચિત્તને આકૃષ્ટ કરે છે. રુકિમણીહરણ, પ્રદ્યુમ્નહરણ, અવાંતર કથાઓ, પ્રદ્યુમ્નને પ્રાપ્ત થયેલ વિવિધ વિદ્યાઓ, પ્રદ્યુમ્ન-રતિ વિવાહ, કાંચનમાલાનુ પ્રદ્યુમ્ન તરફ આકર્ષણ, ઉદધિહરણ, દ્વારકામાં પ્રદ્યુમ્ને કરેલ વિવિધ પરાક્રમો, પ્રદ્યુમ્ન-કૃષ્ણ યુદ્ધ જેવા પ્રસંગોથી મહાકાવ્યનું નવુ કલેવર નીપજાવવામાં કવિ સફળ નીવડયા છે. માનવહૃદયના ભાવો પાત્રો દ્વારા ઉપસે છે. આ કાવ્યમાં પરાક્રમી પ્રદ્યુમ્ન તથા કૃષ્ણ, ન્યાયપ્રિય બલરામ, ગર્વિષ્ઠ સત્યભામા, આદરભાવયુકત રુકિમણી, ઋજુ રતિ, કામી મધુ તથા કાંચનમાલા, સૌંદર્યસામ્રાજ્ઞી ચંદ્રપ્રભા, ગભરુ ઉદધિ, તોફાની ભાનુકુમાર, આદર્શ પતિ કાલસંવર, ભયંકર ધૂમકેતુ વગેરેના પાત્રોનું નિરૂપણ થયું છે. તદુપરાંત મહાકાવ્યમાં વર્ણિત તત્કાલિન સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક સ્થિતિઓનું આલેખન કર્યું છે. ત્યારબાદ આ મહાકાવ્યમાં વર્ણિત જૈનદર્શનની ચર્ચા કરી છે. જેમાં તે ધર્મના પંથો શ્વેતાંબર, દિગંબર, પાંચ સમિતિઓ, ત્રિરત્નો, તેમનો દીક્ષા સંબંધી વિચાર, મોક્ષવિચાર વગેરેની છણાવટ કરી છે. અનેકવિધ લાક્ષણિકતાઓ આ મહાકાવ્યને ઉચ્ચતમ સાહિત્યકૃતિ તરીકે સ્થાપિત કરે છે.

પ્રકરણ-૬

ઉપસંહાર

૬.૧ પ્રસ્તાવના.

૬.૨ 'प्रद्युम्नचरितम्' મહાકાવ્યનો સંદેશ.

૬.૩ તારણો અને નિષ્કર્ષ.

આ અંતિમ ઉપસંહાર પ્રકરણમાં અસદાચરણ છોડી સદાચરણ તરફ વળવાનો, ભાઇચારો, માતૃત્વ પ્રત્યેની ભાવનાનો સંદેશ દર્શાવ્યો છે. તદુપરાંત સંશોધનના હેતુઓને નજર સમક્ષ રાખી સંશોધનના તારણો તથા નિષ્કર્ષ અંગે દિશાસૂચન કર્યું છે.

ધુમાચ્છાદિત થઇ ગયેલ પ્રદ્યુમ્નનું ચરિત્ર નિર્માણ કરવામાં કવિ ખૂબ સફળ નીવડયા છે.

શોધનિબંધના અંતે મહત્વના સંદર્ભગ્રંથોની સૂચિ દર્શાવી પરિશિષ્ટ-૧માં મહાકાવ્યમાં વ્યકત થયેલ સૂકિતઓ દર્શાવવાનો પ્રયાસ કરી મહાશોધનિબંધના કાર્યને વિરામ આપવાનું ઉચિત માન્યુ. કારણ કે જ્ઞાનમાં કયાંય સીમાડા નથી હોતા કયાંક તો વિરામ આપવો જ પડે.

સ્થળ : વલસાડ (ધર્મિષ્ઠા બી. ખરચીયા)

તારીખ: /૦૯/૨૦૧૪ અધ્યેતા

(ડૉ. શોભનાબેન એન. સોલકી)

માર્ગદર્શક